ગાંધીનગરમાં નેશનલ કોન્ફરન્સ ઓન લેન્ડ એડમિનિસ્ટ્રેશન એન્ડ ડિઝાસ્ટર મેનેજમન્ટનો પ્રારંભ

# આપણી જમીન સભ્યતાનો આધાર અને અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ : CM ભૂપેન્દ્ર પટેલ

**સેન્ટર** ઓફ એક્સેલન્સ માટે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MOU



(પ્રતિનિધિ) ગાંધીનગર તા.3

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં યોજાઇ રહેલી ભૂમિ વ્યવસ્થાપન અને આપદા પ્રબંધન અંગેની દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે આ અવસરે નવી રેવન્યુ ઓફિસો-રહેઠાણોનું ઉદ્ઘાટન, નવી યોજનાઓનું પ્રદર્શન, રેવન્યુ ડાયરીનું વિમોચન, સેન્ટર ઓફ એક્સેલન્સ-CoEs માટે શૈક્ષણિક સંસ્થાઓ સાથે MoU પર હસ્તાક્ષર તેમજ વિચરતી જાતિઓના પરિવારોને SVAMITVA કાર્ડ, સુરક્ષા કિટ અને રહેણાંક પ્લોટની સનદનું વિતરણ પણ કર્યુ હતુ.

આ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ તથા જમીન સંસાધન મંત્રાલય તેમજ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંયુક્ત પણે કરવામાં આવ્યું છે.

આ કોન્ફરન્સમાં નાગરિક કેન્દ્રિત શાસન માટે મહેસૂલ કાયદાઓનું આધુનિકીકરણ, જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીઓનું અપગ્રેડેશન, શહેરી જમીન રેકોર્ડનું નિર્માણ અને અપડેટિંગ, મહેસૂલ કોર્ટ કેસો - પ્રક્રિયા પુનઃએન્જિનિયરિંગ, પુનર્સર્વેક્ષણ પ્રયાસો અને જમીન સંપાદન, આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ કામગીરી, આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધન આયોજન જેવા વિવિધ વિષયો પર મહાનુભાવો દ્વારા પેનલ ડિસ્કશન કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને વડાપ્રધાનની વિઝનરી લીડરશીપનો 24 વર્ષેથી જે સતત લાભ મળી રહ્યા છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ આગવી પહેલ કરીને 2005માં ઈ-ધરા યોજનાથી ખેડૂતોની જમીનના રેકોર્ડ્સનું ડિજિટાઈઝેશન શરૂ કરાવી દીધું હતું.

મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, દેશના અન્ય રાજ્યોમાં ખેડૂતોને પોતાની જમીનના રેકોર્ડ્સની વિગતો માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા તેવા સમયે ગુજરાતે નરેન્દ્ર ભાઈની દીર્ઘદ્રષ્ટિથી લેન્ડ રેકોર્ડ્સ ડિજિટલી ઉપલબ્ધ કરાવવાની શરૂઆત કરી હતી. નાગરિક કેન્દ્રિત સુશાસનને સાકાર કરવા વડાપ્રધાનની જ પ્રેરણા અને માર્ગદર્શનથી 2011માં ગુજરાતે રાજ્યભરમાં જનસેવા કેન્દ્રો શરૂ કર્યા તેની પણ વિસ્તૃત ભૂમિકા તેમણે આપી હતી. આ રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રમાં સાંસદઓ, ધારાસભ્યઓ, જિલ્લા પંચાયત પ્રમુખઓ, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, કેન્દ્ર સરકારના જમીન સંસાધન વિભાગના સંયુક્ત સચિવ કુનાલ સત્યાર્થી સહિત ગુજરાતના વિવિધ જિલ્લાના કલેક્ટરઓ અને દેશના વિવિધ રાજ્યોના તથા કેન્દ્ર શાસિત પ્રદેશોના મહેસૂલી-આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

આવાસ કૌભાંડ ઉજાગર કરનાર પર 20થી વધુ લોકોનો હુમલો

# સેલંબા ગામે દીપક કોળી પર હુમલા બાબતે માનવ અધિકાર આયોગનું નર્મદા SPને તેડું

**પોલીસ** દ્વારા FIRમાં ગંભીર કલમો ઉમેરવામાં આવી ન હોવાના મુદ્દે પ્રશ્નાર્થ

(પ્રતિનિધિ) સાગબારા/ભરૂચ, તા.03

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સેલંબા ગામના રહીશ દીપક કોળી પર થયેલા જીવલેણ હુમલા અંગે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી બેદરકારીને લઈને ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગે મહત્વપૂર્ણ પગલા ભર્યા છે. દીપક કોળીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ થયેલા ભ્રષ્ટાચારને ઉજાગર કર્યો હતો. તેના જ પરિણામે તેમના પર ગામના કેટલાક ભાજપ સમર્થક હોદ્દેદારો તથા તેમના અનુયાયીઓએ રીસ રાખીને 20થી વધુ લોકો દ્વારા હુમલો કર્યો હતો. જે તે સમયે આ ઘટનાનો વિડિઓ વાયરલ થતાં મામલો રાજ્ય સ્તરે ચર્ચાનો વિષય બન્યો હતો. આયોગે પીડિત દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ગંભીરતાથી લઈને નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક ને સમન્સ પાઠવી હાજર રહી જવાબ આપવા આદેશ કર્યો હતો.

આયોગે સ્પષ્ટ નોંધ્યું હતું કે, આ હુમલામાં BNS કલમ 109 (એટેમ્પ ટુ મર્ડર) તથા અન્ય ગંભીર કલમો લાગુ કરવાની થતી હોવા છતાં પોલીસ તંત્રએ તે કલમો ઉમેરી નથી. હુમલા પહેલા જ પીડિત દ્વારા કંટ્રોલ રૂમમાં જાણ કરાઈ હોવા છતાં પોલીસે કોઈ આગમચેતીના પગલા લીધા ન હતા અને ઘટના સમયે પણ હાજર રહીને પણ મૂકપ્રેક્ષકની ભૂમિકા ભજવી હતી. સમગ્ર ઘટના પોલીસની બેદરકારીને ઉજાગર કરતી હોવાની તથા આ પ્રકરણ રાજકીય પ્રેરણાથી પ્રેરિત હોવાની પણ ચર્ચા છે. દીપક કોળી સામેનો હુમલો માત્ર વ્યક્તિગત નથી પરંતુ આવાસ યોજનામાં થયેલા ભ્રષ્ટાચારને દબાવવાનો પ્રયાસ ગણવામાં આવી રહ્યો છે.

### કોંગ્રેસના સંદીપ માંગરોલાની રજૂઆત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી સંદીપ માંગરોલાએ આ ઘટનાને ગંભીર ગણાવી હતી. તેમણે માંગણી કરી છે કે FIR માં એટેમ્પ ટુ મર્ડરની BNS-109 તથા અન્ય ગંભીર ગુનાની કલમો પણ ઉમેરવામાં આવે. તમામ આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવે. આ ઉપરાંત, ઘટનામાં બેદરકારી દાખવનારા પોલીસ અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવે. પીડિત દીપક કોળી તથા તેમના પરિવારને પૂરતું રક્ષણ અને યોગ્ય તબીબી સારવાર આપવામાં આવે. તેમજ કેસની તપાસ નિષ્પક્ષ રહે તે માટે તેની જવાબદારી એક વિશેષ તપાસ ટીમને સોંપવામાં આવે.

# વાન-રિક્ષા ચાલકોને મર્યાદા કરતા વધુ બાળકોને નહી બેસાડવા સૂચના

**પોલીસ** અધિકારી સાથેની મીટિંગમાં 200થી વધુ સ્કૂલ વાન અને રિક્ષા ચાલકો સાથે હાજર રહ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના આવેલી અલગ અલગ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્કુલમાં મુકવા તથા સ્કૂલેથી ઘરે પહોંચાડવા માટે વાલીઓ દ્વારા સ્કૂલ વાન કે રિક્ષા નક્કી કરી લેતા હોય છે. પરંતુ ઘણીવાર વાહન ચાલકો બેફામ રીતે વાહન ચલાવતા હોય ક્યારે અકસ્માત પણ થતા હોય છે. તેને ધ્યામાં રાખી નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક શાખાની અધ્યક્ષતામાં પોલીસ અધિકારીઓ તથા સ્કુલ વાન તથા રિક્ષા ચાલકો સામે મીટિંગ યોજાઈ હતી. જેમાં મ200થી વધુ રિક્ષા અને વાન ચાલકો હાજર રહ્યાં હતા. આ મીટિંગમાં પેસેન્જર પાસિંગવાળી વાનમાં જ સ્કૂલના બાળકો બેસાડવા, સ્કૂલ અને રિક્ષામાં વાહન વ્યવહાર કમિશનરે નક્કી કરેલા મર્યાદા કરતા વધુ બાળકોને બેસાડવા નહી, સક્લમાં બાળકોને લાવવા લઈ જવા માટેની વાન અનેરિક્ષામાં સીએનજી તથા પીએનજી કીટ ફીટ કરાઈ હોય તે નિયમોનુસાર અલ્ટરેશન પ્રક્રિયા બાદ ફીટ છે ? ઉપરાંત વાહનવ્યવહાર કમિશનરે બાળકોની સલામતી માટે તેમના દ્વારા અપાયેલી સુચનાની નકલ તેમની સાથે રાખવી, ઉપરાંત આગામી દિવસોમાં વડોદરા શહેર ટ્રાફિક પોલીસ તેમજ આરટીઓના અધિકારીઓ અને કર્મચારીઓ શહેર વિસ્તારમાં ટીમો બનાવી કમિશનરની સુચનાઓનું પાલન ન કરતા સ્કૂલ વાન તથા રિક્ષા ચાલકો વિરુદ્ધ ઝુંબેશરૂપી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉપરાંત મર્યાદા કરતા વધાર માત્રામાં બાળકોને બેસાડવા નહી, રોંગ સાઈડ તથા ઓવરસ્પીડમાં વાહન ન ચલાવવા તેમજ નિયમોનું પાલન કરવા માટે પણ અપીલ કરાઈછે.

## 'પેમેન્ટ્સ કા એ ટુ ઝેડ'નું અનાવરણ: તમામ પેમેન્ટ મૉડ્સ એક જ જગ્યાએ

**વડોદરા:** એમેઝોન પેએ આજે એક તદ્દન નવેસરથી તૈયાર કરવામાં આવેલા પેમેન્ટ ઈન્ટરફેસનું અનાવરણ કર્યું છે, જેમાં યુપીઆઈ, ક્રેડિટ/ડેબિટ કાર્ડ્સ, એમેઝોન પે બેલેન્સ અને એમેઝોન પે લેટર જેવા તમામ પેમેન્ટ મૉડ્સને એક જ જગ્યાએ એકીકૃત કરવામાં આવ્યાં છે, જે ગ્રાહકોની ચૂકવણીની તમામ જરૂરિયાતોને પૂરી કરવા માટેનું અલ્ટિમેટ ડેસ્ટિનેશન બની ગયું છે. તેની નવી વિશેષતાઓમાં પર્સનલાઈઝ્ડ રીવોર્ડ્સ (જે દરેક ટ્રાન્ઝેક્શન પર મહત્તમ મૂલ્ય પૂરું પાડે છે) તથા રીમાઈન્ડર્સ અને ઑટો-પેના વિકલ્પની સાથે તમામ બિલ અને સબસ્ક્રિપ્શન્સને એકસાથે મેનેજ કરવા માટેના એકીકૃત ડેશબૉર્ડનો સમાવેશ થાય છે. આ વ્યાપક અપગ્રેડે એક સહજ ઈન્ટરફેસ દ્વારા લાખો ભારતીયો માટે રોજિંદા નાણાકીય વ્યવહારો કરવાનું સરળ બનાવી દીધું છે, જે ખરીદી અને બિલની ચૂકવણીથી માંડીને રીવોર્ડ્સ અને બચત સુધી ગ્રાહકોની નાણાકીય વ્યવસ્થાપનની પદ્ધતિને સુધારવાની દિશામાં ભરવામાં આવેલી હરણફાળ છે.

'દહેજમાં સમાજને ખોખલો કરી રહેલા ડ્રગ્સના દાનવનું દહન'

# ડ્રગ્સ માફિયાઓ સામે લાલ આંખ : દહેજમાં રૂા.381 કરોડથી વધુના નાર્કોટિક્સનો નાશ

**ડ્રગ્સ વિરુદ્ધ** ઝીરો ટોલરન્સની નીતિ પર રાજ્ય સરકાર અડગ, 17 જિલ્લાઓના 442 કેસોમાંથી જથ્થો જપ્ત કર્યો હતો



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 3

ગુજરાત સરકારે ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત બનાવતાં શુક્રવારે દહેજ ખાતે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં દહેજની બેઈલ કંપની ખાતે રૂા.381 કરોડથી વધુના જથ્થાના નાર્કોટિક્સનો કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો. આ જથ્થો ગુજરાતના 17 જિલ્લામાં નોંધાયેલા 442 ગુનાઓમાં પોલીસે જપ્ત કર્યો હતો.

સમાજને ખોખલો કરી રહેલા આ ડ્રગ્સ દાનવનું દહેજ ખાતે દહન કરી રાજ્ય સરકારની ઝીરો ટોલરન્સ નીતિ અંગે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે ડ્રગ્સની હેરાફેરી અને તેના દૂષણ સામે જરા પણ નરમાઈ દાખવવાની નથી.

ડ્રગ્સના નેટવર્કને નષ્ટ કરવા સાથે સરકાર યુવાનોને નશાના ચક્રવ્યૂહમાંથી બચાવવા માટે પણ ખાસ અભિયાન ચલાવી રહી છે. આ માટે 'મેન્ટર પ્રોજેક્ટ' અને 'માનસ હેલ્પલાઈન' જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે કે જેથી યુવાનોને માટે સાચી દિશામાં માર્ગદર્શન મળે અને નશાન આદી બનેલા લોકોને નશાની લત છોડાવી પુનર્વસન મળી રહે.

5 વર્ષ પૂર્વે બસ પલટી ખવડાવી વિદ્યાર્થીઓ સહિત 67 મુસાફરોના જીવ જોખમમાં નાંખી દીધા હતા

# રાધેક્રિષ્ણા ટ્રાવેલ્સના ડ્રાઈવરને 2 માસની જેલ તથા દંડની સજા

(પ્રતિનિધિ) ભરૂચ, તા.03

આજથી પાંચ વર્ષ પૂર્વે સાપુતારા પ્રવાસમાં યાત્રાએ લઈ જનાર ક્રિષ્ણા ટ્રાવેલ્સના બસ ડ્રાઈવરે પોતાના તાબા હેઠળની બસને ગફલતભરી રીતે હાંકી બેજવાબદારીપુર્વક ચલાવી પલટીઓ ખવડાવી 67 મુસાફરોના જીવ જોખમમાં નાંખવા તથા 18 જેટલાને ઈજાગ્રસ્ત કરનાર અંકલેશ્વરની સુરતી ભાગોળના ડ્રાઈવરને નવસારી કોર્ટે બે માસની કેદ તથા 1000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

અંકલેશ્વરની અમૃતપુરા પ્રાથમિક શાળાના બાળકો ફેબ્રુઆરી-2020માં સાપુતારાના પ્રવાસે નિકળ્યા હતા. તેમણે રાધેક્રિષ્ણા ટ્રાવેલ્સની બસ આ પ્રવાસ માટે બુક કરાવી હતી. જેનો ડ્રાઈવર મૂળ મેનપુરી-યુપીના નાગલાતોર ગામનો તથા જે-તે સમયે અંકલેશ્વરના સુરતી ભાગોળ ખાતે રહેતો અવનીશકુમાર સુશીલકુમાર કટારીયા ફરજ પર હતો.

સદર પ્રવાસ માટે બસ નં. GJ-01-BV-9593માં સ્કૂલના બાળકો તથા શિક્ષકો સાપુતારા પ્રવાસે ઉપડ્યા હતા. દરમિયાન તા.10મી ફેબ્રુઆરીના રોજ ચીખલી-વાંસદા રોડ પર કુકેરી ગામ નજીક અવનીશકુમાર સુશીલકુમાર કટારીયાએ પોતાના કબ્જા હેઠળની બસને ગફલતભરી રીતે સ્પીડમાં હંકારી, બસને પલટી મરાવી બસના મુસાફરો ફ્રેકચર સહિતની ઈજા પહોંચાડી લગભગ 18 જેટલાને ઈજા પહોંચાડી હતી. આ અંગે ચીખલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા સદર કેસ ચીખલીના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ વિજયકુમાર ચૌહાણની કોર્ટમાં ચાલી ગયો હતો. જજે રાધે ક્રિષ્ણા ટ્રાવેલ્સના ડ્રાઈવર અવનીશ કટારીયાને તકસીરવાર ઠેરવી વધુમાં વધુ એક વર્ષની કેદ તથા એક હજારનો દંડનો હુકમ કર્યો હતો. અને જો દંડ ન ભરે તો વધુ સાત દિવસની સજા ફરમાવી હતી.

### ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા કપલ બ્લડ ડોનેશન ડ્રાઈવ : 101થી વધુ કપલે રક્તદાન કર્યું



ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ જિલ્લા શાખા દ્વારા 1 લી ઓક્ટોબરે નેશનલ વોલન્ટરી બ્લડ ડોનર ડે નિમિતે તા. 2 જી ઓક્ટોબરે ગાંધી જ્યંતીના દિવસે કપલ બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું, આ અભિયાનમાં 101 થી વધુ કપલે રેડ ક્રોસ ખાતે આવીને રક્તદાન કર્યું જે એક જ બ્લડ સેન્ટરમાં એક સાથે 101 થી વધુ કપલ સાથે બલ્ડ ડોનેટ કરે તેવો કીર્તિમાન આજે અમદાવાદના આંગણે રચાયેલો છે. અમદાવાદ રેડ ક્રોસ તમામ રક્તદાતાઓ તેમજ રક્તદાન શિબિરના આયોજકોનો આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કરે છે. રેડક્રોસ ગુજરાતના ચેરમેન શ્રી અજયભાઇ પટેલ, ચેરમેન એમેરીટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અમદાવાદ જિલ્લા શાખાના ચેરમેન શ્રી અમિતભાઈ દોશી તેમજ સંસ્થાના જનરલ સેક્રેટરી ડો. વિશ્વાસ અમીન અને અન્ય કમિટી મેમ્બર્સ દ્વારા તમામ રક્તદાતાઓનું સન્માન કરવામાં આવ્યું અને તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ઉત્સવને કેર એજ રેટિંગ્સ દ્વારા ક્રેડિટ રેટિંગ્સ અપાયું

વડોદરા - ઉત્સવ સીઝેડ ગોલ્ડ જ્વેલ્સ લિમિટેડ (ઉત્સવ, ધ કંપની), (એનએસઈ કોડ: UTSSAV), 18 કેરેટ, 20 કેરેટ અને 22 કેરેટ સીઝેડ ગોલ્ડ જ્વેલરી, 22 કેરેટમાં પ્લેન કાસ્ટિંગ જ્વેલરી, 22 કેરેટમાં પેપર કાસ્ટિંગ જ્વેલરી, નેચરલ ડાયમંડ જ્વેલરી અને 18 કેરેટમાં લેબ-ગ્રોન ડાયમંડ જ્વેલરીની અગ્રણી મેન્યુફેક્ચરર્સ પૈકીની એક છે, તેને કેર એજ રેટિંગ્સ દ્વારા તેની બેંક સુવિધાઓ માટે ક્રેડિટ રેટિંગ આપવામાં આવ્યું છે.

આ સિદ્ધિ પર ટિપ્પણી કરતા, ઉત્સવ સીઝેડ ગોલ્ડ જ્વેલ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પંકજકુમાર જગાવતે જણાવ્યું, "અમે કેર એજ રેટિંગ્સ દ્વારા આપવામાં આવેલા રેટિંગને લઈને ખુશ છીએ, જે અમારા મજબૂત મૂળભૂત સિદ્ધાંતો અને શિસ્તબદ્ધ નાણાકીય વ્યવસ્થાપનને દર્શાવે છે. આ રેટિંગ અમારી નાણાકીય સ્થિરતાને સતત મજબૂત બનાવવા, કાર્યકારી કામગીરીમાં સુધારો કરવા અને અમારા વ્યવસાયને કાર્યક્ષમતા સાથે વધારવાના અમારા પ્રયાસોનું મહત્વપૂર્ણ સમર્થન છે.

લેન્ડ એડમિનિસ્ટ્રેશન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોન્ફરન્સ અંતર્ગત વિશેષ સમૂહ ચર્ચા

# વિવિધ રાજયના કુલ ૩૦૦ અધિકારી-કર્મચારીઓએ સાત સમૂહમાં ચર્ચા કરી

(પ્રતિનિધિ) ગાંધીનગર તા.3

લેન્ડ એડમિનિસ્ટ્રેશન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોન્ફરન્સ અંતર્ગત વિશેષ સમૂહ ચર્ચાના ભાગરૂપે એક્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સહિત વિવિધ રાજયના કુલ ૩૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓએ સાત અલગ- અલગ સમૂહમાં વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી.

એક્શન સેમિનાર અંતર્ગત ૧) નાગરિક-કેન્દ્રિત શાસન માટે મહેસૂલ કાયદાઓનું આધુનિકીકરણ ૨)જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીઓનું અપગ્રેડેશન,૩)શહેરી જમીન રેકોર્ડનું નિર્માણ અને અપડેટ, ૪) રેવન્યુ કોર્ટ કેસ - પ્રક્રિયાનું પુનઃ માળખાકીય રચના, ૫)જમીન સંપાદન અને રિસર્વેના પ્રયાસો - વર્તમાન વાસ્તવિકતાઓ અને ભવિષ્યનો માર્ગ,૬)આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધનનું આયોજન,૭) આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવની વહેંચણી વિષયો પર સમૂહ ચર્ચા યોજાઈ હતી. જેમાં દરેક વિષયના મૂંઝવતા પ્રશ્નો, તેના સ્વોટ એનાલિસિસ, બજેટ, તેના નિરાકરણ માટે લેવામાં આવેલા નિર્ણયો અને તેના પરિણામો અન્વયે સહભાગીઓએ મનોમંથન કર્યું હતું.



આ સેમિનારમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ તમામ ગ્રુપમાં ઉત્સાહથી ભાગ લઈ વિવિધ વિષયો પરની ચર્ચાના પ્રતિભાગીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે તમામ ગ્રુપની જૂથ ચર્ચાના અંતિમ પરિણામોની વિગતો જાણી વિષય પર નિષ્ણાત તરીકે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, ગુજરાત સરકારના જમીન સુધારણા સચિવ બી.કે.પંડ્યા, સેટલમેન્ટ કમિશનર શાહ, ગાંધીનગરના કલેક્ટર મેહુલ દવે સહિત દેશભરમાંથી આવેલા ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.

## LG ઈલેક્ટ્રોનિક દ્વારા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ

**વડોદરા:** એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ ("LGEIL" અથવા "કંપની"), જે એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ક.ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે, તેણે તેના ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે પ્રતિ ઈક્વિટી શેર રૂ.1,080/-થી રૂ.1,140/-ની પ્રાઈઝ બેન્ડ નક્કી કરી છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ સોમવાર, 6 ઓક્ટોબર, 2025ના રોજ રહેશે. બિડ/ઓફર સબ્સ્ક્રિપ્શન માટે મંગળવાર, 7 ઓક્ટોબર, 2025ના રોજ ખુલશે અને ગુરૂવાર, 9 ઓક્ટોબર, 2025ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 13 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 13 ઈક્વિટી શેરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શનમાં બોલી લગાવનારા લાયક કર્મચારીઓને પ્રતિ ઈક્વિટી શેર રૂ.108/-નું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર ખાતે ડિજિટલ ઈન્ડિયા, જમીન અને આપત્તિ વ્યવસ્થાપન પર બે દિવસીય નેશનલ કોન્ફરન્સ

# જમીન રેકોર્ડને આધુનિક બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને બ્લોકચેનના ઉપયોગના મહત્વ પર ભાર અપાયો

**જમીન** રેકોર્ડ અને નોંધણી પ્રણાલીના ઉન્નતીકરણ પર વિશેષ પેનલ ડિસ્કશન યોજાઈ

**કોન્ફરન્સમાં** વિવિધ રાજ્યો દ્વારા જમીન અને સંપત્તિના ડિજિટલ રેકોર્ડ માટે અપનાવવામાં આવેલી નવીનતમ પ્રણાલીઓની માહિતી આપવામાં આવી

(પ્રતિનિધિ) ગાંધીનગર તા.3

આજરોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ડિજિટલ ઈન્ડિયા, જમીન અને આપત્તિ વ્યવસ્થાપન પર બે દિવસીય નેશનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આ કોન્ફરન્સમાં 'જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીનું ઉન્નતીકરણ' વિષય પર મહત્વપૂર્ણ પેનલ ડિસ્કશન યોજાયું હતું. મહારાષ્ટ્ર સરકારના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.ચોકકલીંગમના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પેનલ ડિસ્કશનમાં વિવિધ રાજ્યોના અધિકારીઓ, ટેકનિકલ નિષ્ણાતો અને બેંકિંગ ક્ષેત્રના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પંચમહાલ કલેક્ટર અજય દહિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

પેનલ ડિસ્કશનમાં ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન જેનુ દેવને જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીમાં નાગરિકોની જરૂરિયાતો, સરકાર માટેના પડકારો, ડેટા ગોપનીયતા અને છેતરપિંડી નિવારણ, ઑનલાઇન ચુકવણી, ચુકવણી સમાધાન, ઈ-દસ્તાવેજોની કાયદેસરની માન્યતા અને ઈ-સાઈનના ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. નેશનલ જેનેરિક ડોક્યુમેન્ટ રજીસ્ટ્રેશન સિસ્ટમના સિનિયર ટેકનિકલ ડિરેક્ટર અને વિભાગના વડા રાજેશ ભુસારીએ નેશનલ જનરિક ડોક્યુમેન્ટ રજિસ્ટ્રેશન સિસ્ટમ (NGDRS) અને તેના નવા સંસ્કરણ NGDRS 3.0 વિશે માહિતી આપી હતી, જેમાં NGDRSની વર્તમાન સ્થિતિ, શરૂઆત કરાયેલા રાજ્યો અને સંકલિત સિસ્ટમ વિશે વાત રજૂ કરી હતી.

મધ્યપ્રદેશ સરકારના સિનિયર ડિસ્ટ્રિક્ટ રજીસ્ટ્રાર અને પ્રોજેક્ટ ઓફિસર સ્વપ્નેશ શર્માએ મધ્યપ્રદેશની SAMPADA 2.0 એપ્લિકેશન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી, જેમાં Paperless નોંધણી, Faceless Registration વિશે ઊંડાણપૂર્વક જાણકારી આપી હતી. આ ઉપરાંત, કર્ણાટક સરકારના સહાયક ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન એચ.એલ.પ્રભાકરે કર્ણાટક સરકારના KAVERI 2.0 બ્લોકચેન પ્રોજેક્ટ અને તેની નોંધણી પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી રજૂ કરી હતી.

આઈ.આઈ.ટી. ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર મયંક સિંહે જમીન રેકોર્ડ સ્ટોરેજ અને ડિજિટાઈઝેશન માટે AI/ML અને બ્લોકચેનનો ઉપયોગ, તેના પડકારો અને જમીનના રેકોર્ડના પ્રકારોમાં AI/MLના ઉપયોગ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. બેંક ઓફ બરોડાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લાલ સિંહે જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીમાં બેંકની ભૂમિકા વિશે વિગતવાર સમજૂતી આપી હતી.

આ પેનલ ડિસ્કશનમાં મોટી સંખ્યામાં મહેસૂલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## આવકવેરા વિભાગ દ્વારા 6થી 8 ઓક્ટોબર સુધી ટેક્સપેયર્સ હબનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ભારત સરકારના આવકવેરા વિભાગ દ્વારા વડોદરામાં 6 થી 8 ઓક્ટોબર, 2025 દરમિયાન ટેક્સપેયર્સ હબનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્રણ દિવસનો આ કાર્યક્રમ નાગરિકો, વ્યવસાયો અને વિદ્યાર્થીઓ સાથે વધુ ખુલ્લી અને આંતરક્રિયાત્મક રીતે જોડાવા અને રજૂઆત કરવાનો હેતુ ધરાવે છે.

આ હબનો મુખ્ય હેતુ છે - આવકવેરા વિભાગની કરદાતા-મૈત્રીપૂર્ણ અભિગમ અંગે જાગૃતિ લાવવી અને આવતા પેઢીને દેશના નિર્માણમાં કરની ભૂમિકા સમજવામાં મદદરૂપ થવું. મુલાકાતીઓને જ્ઞાન સાથે મનોરંજનનો સંયોજન કરનારા વિવિધ માહિતીસભર સત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રાયોગિક પ્રવૃત્તિઓનો આનંદ મળશે. આ કાર્યક્રમનું નેતૃત્વ ગુજરાત, અમદાવાદના પ્રિન્સિપલ ચીફ કમિશનર ઓફ ઈન્કમ-ટેક્સ અને સુરતના ચીફ કમિશનર ઓફ ઈન્કમ-ટેક્સ, સાથે સાથે વરિષ્ઠ અધિકારીઓ અને સ્થાનિક પ્રતિનિધિઓ કરશે.

સોનાનું વિક્રમી વળતર, 21 મહિનામાં 85 ટકાની વૃદ્ધિ!

# 9 મહિનામાં જ સોનાની કિંમતમાં 36 ટકાનો વધારો : મહાવિક્રમ સર્જાયો

**આવનારા** દિવસોમાં સોના અને હીરાના ભાવ સવા લાખ સુધી જઈ શકે

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શેરબજાર તૂટી શકે પરંતુ, સોનાની કિંમત કદી ઘટતી જોવા મળી નથી. વર્ષ ૨૦૨૪માં સોનાની કિંમતમાં ૩૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો જ્યારે આ વર્ષના ૯ જ મહિનામાં તેની કિંમતમાં ૩૬ ટકાનો વધારો થયો છે. સોનાની કિંમત એક ઔંસના ૩૮૦૦ યુએસ ડોલરને વટાવી જવા સાથે વિશ્વના બજારોમાં મહાવિક્રમ સર્જાયો છે. ઈન્વેસ્ટર્સ હોય કે સંસ્થાઓ અથવા પરિવારો હોય, બધા અનિશ્ચિતતાના સંજોગોમાં સંકટની સાંકળ તરીકે સોનામાં ભારે વિશ્વાસ મૂકે છે.

ગત ૯ મહિનામાં કિંમતમાં ૩૬ ટકાનો વધારો સોનાની સ્થિતિસ્થાપકતા તેમજ પારંપરિક સંપત્તિઓ દબાણ હેઠળ હોય તેવા વાતાવરણ કે સંજોગોમાં સાતત્યપૂર્ણ વળતર આપવાની ક્ષમતા દર્શાવે છે. ભારતીય ગ્રાહકો માટે આ સમાચાર આનંદના છે કારણ કે સોનું મજબૂત સાંસ્કૃતિક મહત્તાની સાથોસાથ પેઢીઓ સુધી નાણાકીય સ્થિરતા પૂરી પાડવાની બેવડી ભૂમિકા ધરાવે છે. ગ્રાહકોની માગ સ્થિર રહે છે ત્યારે આ ભાવચક્રમાં નોંધનીય બાબત એ છે કે સંસ્થાકીય ઈન્વેસ્ટર્સ, સોવરિન વેલ્થ ફંડ્ઝ અને કેન્દ્રીય બેન્કો સોનાના સૌથી મોટા ખરીદાર તરીકે ઉભરી આવેલ છે. તેમની નોંધપાત્ર સહભાગીતા સરહદો, ચલણો અને આર્થિક ચક્રોને વટાવી જતી સંપત્તિ તરીકે સોનાની અનોખી સ્થિતિનું મહત્ત્વ દર્શાવે છે.

સોનાના ભાવ ઝડપથી કેમ વધી રહ્યા છે તેનું કારણ તે વધારે સલામત રોકાણ ગણવામાં આવી રહ્યું છે. અને આવનારા દિવસોમાં સોના અને હીરાના ભાવ સવા લાખ સુધી જઈ શકે એમ છે. શેરબજારની તુલનામાં સોના-ચાંદીમાં આટલી તેજી માટે દરેક દેશ પોતાની કરન્સીની સરખામણી સોના ચાંદી અને હીરા સાથે કરે છે હાલમાં એન.આર.આઈ ભારતમાં આવવાની શરૂઆત થશે એટલે હજુ જાન્યુઆરી માસની શરૂઆત સુધી સોના-ચાંદીમાં તેજી રહે તેમ કહી શકાય સોના કરતા હીરામાં સો ટકા રીસેલ વેલ્યુ હોવાથી તેના ભાવ વધવા છતાં લોકો ખરીદી કરી રહ્યા છે. સનાતનિ ધર્મમાં સૌથી પવિત્ર તહેવાર દિવાળી ગણા તો હોવાથી સોના ચાંદી અને હીરાની જ્વેલરી વધુ ખરીદાતી હોય છે. જીએસટીના સ્લેબમાં પણ કોઈ ફરક પડ્યો નથી, તેમ જેતલપુર રોડ પર અગ્રણી જ્વેલરી બ્રાન્ડ 'ડાયમોરિવો'ના ફ્લેગશિપ શો-રૂમનો ભવ્ય ઉદઘાટન સમારંભમાં જ્વેલરી બ્રાન્ડના મેનેજિંગ ડાયરેક્ટર અને ફાઉન્ડર હિતેશ કાનાણી એ જણાવ્યું હતું.